## મહિલા સામખ્ય સોસાયટી-ગુજરાત (શિક્ષણ વિભાગ)

રાજય કાર્યક્રમ નિયામકશ્રીની કચેરી, મહિલા સામખ્ય ગુજરાત ભોયતળિયે, હોસ્ટેલ બિલ્ડીંગ, પોલિટેકનિક કેમ્પસ,આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં.-૦૭૯-૨૬૩૦૬૦૮૧/૮૩ **E-MAIL :** msgujarat.ahd@gmail.com, msguj.ac2018@gmail.com


---

**મહિલા સામખ્ય કાર્યક્રમ અંતર્ગત જિલ્લાકક્ષાએ કાર્યકર્તાઓની ભરતી માટે નીચે પ્રમાણે યોગ્ય લાયકાત ધરાવતા ફક્ત મહિલા ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે.**

---

**જગ્યાનું નામ :- સ્ટેટ કન્સલ્ટન્ટ (State Consultant)**

**નિમણૂકનું સ્તર** :- ૧૧ માસના કરાર આધારિત જગ્યા જેમાં ૩ માસ અજમાયશી સમય(પ્રોબેશન) ઉપર રહેશે.

**શૈક્ષણિક લાયકાત** :- માન્ય યુનિવર્સિટીમાથી કોઈપણ શાખામાં સ્નાતક/અનુસ્નાતકની પદવી, ઓછામાં ઓછા ૫૫% અનિવાર્ય. કોમ્પ્યુટરનું જ્ઞાન ફરજિયાત.(CCCની પરીક્ષા પાસ કરેલ)

**અનુભવ** :- ૩ વર્ષનો ગ્રામ્ય પરિસ્થિતીમાં ગ્રામ્ય બહેનો તથા બાલિકાઓના વિકાસ માટેના કામનો અનુભવ અને વહીવટીય અનુભવ. દસ્તાવેજીકરણ, અહેવાલ લેખન, તથા ફિલ્ડ કાર્યકર્તાઓના માસિક અહેવાલના સંકલન, પુસ્તિકા અને અન્ય શૈક્ષણિક સાધનોનું સમયાંતરે સમીક્ષા કરવાની ક્ષમતા. અન્ય સરકારી તથા બિન સરકારી સંગઠન સાથે સંકલન, કાર્યશાળા કે મિટિંગમાં ભાગ લેવો, વિવિધ તાલીમોનું આયોજન કરવાનું, શૈક્ષણિક સાહિત્ય વિકસિત કરવાની ક્ષમતા, દ્રશ્ય શ્રાવ્ય ઉપકરણોના ઉપયોગની આવડત. ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીમાં વાતચીત સંવાદની આવડત, અસરકારક લેખન ક્ષમતા, વહીવટી તથા નાણાકીય બાબતોના સંભાળની આવડત, કાર્યક્ષેત્ર અને કાર્યક્ષેત્રની બહાર સતત મુસાફરી કરી શકે.

**વય મર્યાદા** :- ૨૫ થી ૪૫ વર્ષ સુધી

**નિમણુંકનું સ્થળ** :- અમદાવાદ

**માનદ વેતન** :- રૂા.૧૨,૦૦૦/- થી ૧૮,૦૦૦/- માસિક વેતન રહેશે.

**જે ઉમેદવારો પાસે ઉપરોક્ત લાયકાત ન હોય તેમણે અરજી કરવી નહીં. જે કર્મચારી સરકારી/અર્ધ સરકારી સ્વાયત સંસ્થાઓમાં કામ કરતાં હોય તેમણે મૌખિક પરીક્ષા (ઇન્ટરવ્યુ) વખતે તેમના ખાતાના વડા પાસેથી લેખિતમાં ના વાંધા પ્રમાણપત્ર આપવાનું રહેશે.**

**શરતો:-**

૧) કોઈપણ પ્રકારની લાગવગ કે દબાણનો ઉપયોગ કરનારની અરજી ગેરલાયક ગણવામાં આવશે.

૨) ફક્ત પસંદ કરાયેલ ઉમેદવારને ઇન્ટરવ્યુમાં બોલાવવામાં આવશે. આ અંગેનો અંતિમ નિર્ણય મહિલા સામખ્ય સોસાયટી, ગુજરાત - રાજ્ય કચેરીનો રહેશે.

૩) આ જગ્યા ૧૧ માસના કરાર આધારિત છે તેમજ દરેક કાર્યકર્તાની નિમણૂક માનદ કાર્યકર્તા તરીકે આપવામાં આવશે.(આ જગ્યા બદલીને પાત્ર છે.)

૪) ઉમેદવારોએ ઓનલાઈન અરજીમાં બધા જ પ્રમાણિત શૈક્ષણિક લાયકાત-અનુભવના પ્રમાણપત્ર સામેલ કરવાના રહેશે.

૫) ઓનલાઇન કરેલ અરજીના નંબરની પ્રિન્ટઆઉટ, નિયત લાયકાત-ઉંમર-અનુભવના પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ તેમજ અસલ પ્રમાણપત્રો વગેરે ઇન્ટરવ્યુ સમયે ઉમેદવારે રજુ કરવાના રહેશે.

૬) દરેક ઉમેદવારોએ અરજી જાહેરાત પ્રસિદ્ધ થયેથી ૦૯ એપ્રિલ, ૨૦૨૧(બપોરે ૧૨:૦૦ કલાકથી શરૂ) થી ૨૯ એપ્રિલ, ૨૦૨૧ (રાત્રે ૨૩.૫૯ કલાક સુધી) સુધીમાં ફક્ત ઓન લાઇન http://msgujarat.com/ ની લીંક ઉપર જઇ JOB APPLICATION પર ક્લિક કરી કરવાની રહેશે. આ જાહેરાતના સંદર્ભેમાં માત્ર **ઓનલાઇન(ONLINE)**અરજીઓ જ સ્વીકારવામાં આવશે.

૭) એકથી વધુ જગ્યા માટે ઉમેદવારી નોધાવવા માટે દરેક જગ્યાની અલગ-અગલ અરજી કરવાની રહેશે.

**ઓનલાઈન જાહેરાત નં - MSSGSC0003**

રાજ્ય કાર્યક્રમ નિયામક
મહિલા સામખ્ય ગુજરાત
અમદાવાદ